

# મંદિરજી દશાબ્દી મહોત્સવ : સર્વોપરી ઉપાસના સત્ર

**૧૪ ઑગસ્ટ ૨૦૨૫, ગુરુવાર**

**૧૪** ઑગસ્ટ ૨૦૨૫, ગુરુવાર–મહોત્સવના દ્વિતીય દિવસે સવારે શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વના 'સર્વોપરી ઉપાસના' સત્રની મુખ્ય સભા યોજાઈ. સભાના આરંભે ઈંગ્લૅન્ડના સંતો સાધુ પૂ. જયેન્દ્રદાસજી અને સાધુ પૂ. નીલેશદાસજીએ શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી તથા કુમકુમ મંદિર, અમદાવાદના સંતો શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી અને શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામીનાં પૂજન–હાર અર્પણ કરી સ્વાગત કર્યાં. ઑસ્ટ્રેલિયા, ઈંગ્લૅન્ડ, અમૅરિકા, કૅનેડા અને ભારતથી પધારેલ વિવિધ દેશોના અનુપમ મિશનના ટ્રસ્ટીશ્રીઓએ આ બંને સંતોને મેમેન્ટો, શાલ અને ખેસ અર્પણ કરી વિશિષ્ટ સન્માન કર્યાં. શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામીએ આશીર્વાદમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા અને સંતો–ભક્તોનાં સમર્પણનું અદ્‌ભુત વર્ણન કર્યું તેમજ અનુપમ મિશન દ્વારા સાકાર થઈ રહેલ ક્રિમેટોરિયમના પ્રોજેક્ટ વિશે આનંદ અને ધન્યતાની લાગણી વ્યક્ત કરી. ત્યારબાદ તેઓના વરદ હસ્તે 'સ્વામિનારાયણ નિત્ય–સ્વામિનારાયણ મહામંત્ર ધૂન'ના ઑડિયો પ્રકાશનનું મુક્તાર્પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત, અ.નિ. રોનક ઠક્કરની સ્મૃતિમાં વિજયભાઈ ઠક્કર અને પરિવારજનોના સૌજન્યથી ગુરુહરિ સાહેબદાદાનાં આશીર્વચનોના અર્કનો ભાવિશાબહેન દ્વારા અંગ્રેજીમાં સંકલિત ગ્રંથ 'સીડ્સ ઓફ ચૅન્જ–ભાગ ૨'નું મુક્તાર્પણ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. ભાવિશાબહેને આ ગ્રંથ વિષે માહિતી આપી અને વિજયભાઈ પ્રતિ આભાર વ્યક્ત કર્યો.



શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામી



સંતોનાં સ્વાગત–સન્માન



'સ્વામિનારાયણ નિત્ય' મહામંત્ર ધૂન આલ્બમનું મુક્તાર્પણ



સંતો દ્વારા સંતભગવંત સાહેબજીનાં અભિવાદન





સંતભગવંત સાહેબજીની શુભાશિષ

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાંચ સિદ્ધાંતો પર વિસ્તૃતમાં સમજ આપી. 'સીડ્‌સ ઓફ ચેન્જ-ભાગ ૨' ગ્રંથની એક વાતનો આધાર લઈને 'જીવનમાં પરમ સુખ, પરમ શાંતિ અને પરમ આનંદ મેળવવાનો સૌથી સરળ અને સહેલો માર્ગ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે પ્રવર્તાવેલ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના છે' તેમ જણાવી સુંદર માર્ગદર્શન આપ્યાં.



સાધુ પૂ. પીટરદાસજી



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

ત્યારબાદ સતીશભાઈ ચતવાણીએ 'વચનામૃત'ના આધારે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સુંદર રીતે છણાવટ કરી.



સતીશભાઈ ચતવાણી

સંતભગવંત સાહેબજીના અભ્યાસકાળના પરમ મિત્ર અ.નિ. સૂર્યકાંતભાઈ પટેલની દિવ્ય સ્મૃતિમાં તેઓના અમેરિકા સ્થિત દીકરા પ્રિયેનભાઈ અને પરિવારજનોના સૌજન્યથી અનુપમ મિશન દ્વારા સાહેબદાદાનાં આશીર્વચનોના અર્કનો ગુજરાતીમાં સંકલિત ગ્રંથ 'અધ્યાત્મનાં પ્રકાશબીજ-ભાગ ૧'નું મુક્તાર્પણ સાધુ પૂ. હિંમતસ્વામીજીના વરદ હસ્તે થયું.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં સૌ પ્રથમ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના થીમ પર યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે અઢળક રાજીપો દર્શાવ્યો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે જે ભીડો વેઠ્યો તેના પ્રસંગોની અદ્‌ભુત સ્મૃતિ કરાવી અને 'હું અક્ષર છું, દેહ નહિ...' તે ધ્યેયમંત્ર સૌનાં જીવનમાં સાકાર થાય તેવી પ્રાર્થના ધરી.

આ સભામાં ખાસ પધારેલા લોહાણા કૉમ્યુનિટીના પ્રમુખશ્રી સુભાષભાઈ ઠકરારનાં શાલ, ખેસ અને મેમેન્ટો દ્વારા વિશિષ્ટ સન્માન કરાયાં. તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અનુપમ મિશનમાં આવવાથી પરમ આનંદ અને સંતોષની અનુભૂતિ થાય છે તેની વાત કરી સંતભગવંત સાહેબજીનો આભાર માન્યો. આમ, સર્વોપરી ઉપાસના સત્ર અનેક રીતે સર્વોપરી બની રહ્યું. ◆



'અધ્યાત્મનાં પ્રકાશબીજ ભાગ-૧' ગ્રંથનાં મુક્તાર્પણ



'સીડ્‌સ ઑફ ચૅન્જ ભાગ-૨' ગ્રંથનાં મુક્તાર્પણ

# સદ્‌ગુરુ સંત જીવન માહાત્મ્યદર્શન સભા

**૧૪** ઑગસ્ટની સાંજે અપાર આદરભાવ સાથે એક વિશિષ્ટ સભાનું આયોજન થયું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં અનેક વર્ષોનાં વિચરણ, પ્રેમ-પ્રાર્થના ને આશીર્વાદથી સૌને જીવનમાં પરમ સુખ, શાંતિ ને આનંદ પ્રાપ્ત થયાં અને સત્સંગ-સમાગમ દ્વારા સૌનાં આધ્યાત્મિક ઉત્થાન થયાં તે બદલ સમગ્ર સમાજ તેઓ પ્રતિ નતમસ્તક ભાવે તેઓનાં ઋણ ચૂકવવાના ભાગ રૂપે આ સભામાં તેઓનાં જીવન-માહાત્મ્યનાં ગાન થયાં અને અર્ઘ્ય અર્પણ કરાયા. સભામાં મધ્યાસને સંતભગવંત સાહેબજી અને તેઓની બંને બાજુ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા દિવ્ય મૂર્તિ સ્વરૂપે બિરાજમાન હતા. પૂજન અને પુષ્પાર્પણરૂપી ભાવવંદના કર્યા બાદ સદ્‌ગુરુ સાધુ પૂ મનોજદાસજીએ બંને સદ્‌ગુરુ સંતોના મહિમાના શ્લોકોનાં ગાન કરી, ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખિત ગુણોનું વાંચન કર્યું. આ ઉપરાંત, ગુણાતીત અવસ્થાના સંતના ગુણોની વાત કરી જણાવ્યું કે, ‘આ સઘળા ગુણો પૂ. અશ્વિનદાદા-પૂ. શાંતિદાદામાં અનુભવ્યા છે.’ બંને સદગુરુ સંતોના પોતાના ગુરુમાં સમ્યક્ નિર્દોષબુદ્ધિ, સર્વ પ્રતિ સુહૃદભાવ, અપ્રતિમ દાસત્વભક્તિ અને નિતાંત પ્રેમનાં તેઓએ અદ્વિતીય અને અનુપમ વર્ણન કર્યાં, જેનાં શ્રવણથી સૌ ધન્ય અને પરિતૃપ્ત થયાં.

આ પ્રસંગે જોહનુભાઈ (ન્યૂઝીલૅન્ડ), હેતનભાઈ (મુંબઈ), ભાવિશાબહેને સદ્‌ગુરુ સંતોના મહિમાનાં અને સંતભગવંત સાહેબજીની સામર્થીનાં અવિસ્મરણીય અને મનનીય વર્ણન કર્યાં. દીપેનભાઈ રૂઘાણી (ઑસ્ટ્રેલિયા)ના વરદ હસ્તે ‘છે માહાત્મ્યસભર વાણી સદા ભાગ-૯’, ડૉ. પાર્થિવભાઈ મહેતા (અમદાવાદ)ના વરદ હસ્તે પૂ. શાંતિદાદાની આશિષ પરાવાણી ‘સંતસમાગમ ભાગ-૯’ તથા દીપકભાઈ દાણી (કૅનેડા)ના વરદ હસ્તે પૂ. અશ્વિનદાદાની આશિષ પરાવાણી ‘સંતસમાગમ ભાગ-૧૦’ ઑડિયો આલ્બમ્સનાં મુક્તાર્પણ થયાં.

અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી બંને સદ્‌ગુરુ સંતો પ્રતિના તેઓના પ્રેમને વર્ણવતાં હૃદયોદ્‌ગાર ઉચ્ચાર્યા : ‘બંને સદ્‌ગુરુ સંતો યોગીબાપાએ આપેલ અણમોલ ભેટ છે, તેઓ અનુપમ મિશનની ડાબી અને જમણી આંખ છે ! બંનેને ઓળખો તો જ અનુપમ મિશનનું સાચું દર્શન થાય. બંને એકબીજાના પૂરક, બંનેને એકમેક માટે અસાધારણ પ્રેમ, બંનેની કાર્યશક્તિનો સૌ સંતો પર અલૌકિક પ્રભાવ છે. તેઓએ જીવનમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોમાં કદી કોઈ બાંધછોડ કરી નથી.’ આવું અદ્‌ભુત મહિમાદર્શન કરાવી સૌને ભાવવિભોર કરી દીધાં. હિન્દુ મંદિર, નેટવર્કથી પધારેલા સંતોનાં સ્વાગત કર્યા બાદ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની યુ.કે.ની ધર્મયાત્રાની સ્મૃતિઓ પર યુવાનોએ બનાવેલ વિડીયોદર્શનને માણી સૌ ધન્ય થયાં.



ભાવિશાબહેન

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

જોહનુભાઈ

હેતનભાઈ પટેલ






પૂ. અશ્વિનદાદા–પૂ. શાંતિદાદાને પૂજન અને પુષ્પહારરૂપી ભાવવંદના

પૂ. અશ્વિનદાદા–પૂ. શાંતિદાદા માહાત્મ્યદર્શન સભાનાં મંચદર્શન

સભા બાદ સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. હિંમત સ્વામીજીએ સૅલ્ફી પૉઈન્ટ્સનાં ઉદ્ઘાટન કર્યાં. સૌ ભક્તોને મહોત્સવની કાયમી સ્મૃતિઓ શાશ્વત કરી લેવાના હેતુથી આ કલાત્મક સૅલ્ફી પૉઈન્ટ્સનાં સર્જન કરવામાં આવ્યાં હતાં. 'રિવર ઑફ ડિવિનિટી' એટલે કે, દિવ્યતાની સરિતા ! યુ.કે.ની તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાંથી એક નાનકડી નદી વહે છે, જેનું સૌંદર્ય અદ્ભુત છે ! આ દિવ્ય નદીમાં શ્રી નીલકંઠ વર્ણીજીની મૂર્તિ પધરાવી તેની આસપાસ હંસો વિહરતા કરાયા, જાણે માનસરોવરમાં પધારેલા શ્રી નીલકંઠ વર્ણીજીનાં સ્વાગત માટે પરમહંસો ભેગા થયા હતા–તેવાં અદ્ભુત દર્શનની સ્મૃતિ અપાવતું આ પૉઈન્ટ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું. તેવી જ રીતે મહોત્સવના લોગોનું કટઆઉટ મૉડેલ અને સૅલ્ફી ફ્રેમ પણ ફોટોગ્રાફી માટેનાં આકર્ષક કેન્દ્ર બની રહ્યાં. સૌ સંતો–ભક્તોએ સૅલ્ફી પૉઈન્ટ્સ પાસે અઢળક ફોટોગ્રાફ્સ પડાવી મહોત્સવની ધન્ય સ્મૃતિઓને પોતાના ફોન અને કેમેરામાં કાયમ માટે સાચવી લીધી. આ સૅલ્ફી પૉઈન્ટ્સના સર્જનમાં સાધુ પૂ. રમેશદાસજી, પૂ. અનિલદાસજીનાં માર્ગદર્શને તથા શયના પોપટ અને ડેનિશાબહેનની આગેવાની હેઠળ ઈંગ્લૅન્ડ, ભારત, અમેરિકા અને અન્ય દેશોના સ્વયંસેવકોએ અદ્ભુત સેવા બજાવી. ◆




સૅલ્ફી પૉઈન્ટની દિવ્ય સ્મૃતિ



શ્રી નીલકંઠ વર્ણીજી અને પરમહંસોની પ્રતિકૃતિનાં દર્શન




માહાત્મ્યદર્શન સભામાં સંતભગવંત સાહેબજીના આશીર્દાન




સાહેબજી સંગે મહોત્સવ લોગોની પ્રતિકૃતિ પાસે અલૌકિક સ્મૃતિ